# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૧/૦૫/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૭ લીટર દેશી દારૂ, ૫૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૨૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૮૮/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** નિલેશભાઇ પ્રભુભાઇ પટેલ (ઉ.વ.૪૦)(રહે. શ્રીજી રેસીડેન્સી મારૂતી કટારીયા સર્વિસ સ્ટેશન સામે ,સીલ્વર સ્ટાર ચાર રસ્તા પાસે, ચાંદલોડીયા) એ તા.૨૦/૦૫/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૨/૨૦૨૫ થી તા.૧૯/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ચંન્દ્રકાન્ત પંચાલ ઉર્ફે ભુવાજી (રહે. વંદેમાતરમ પ્રાઇમ વંદેમાતરમ ચાર રસ્તા પાસે, ગોતા) એ ધંધામા બરકત આવે તે માટે વિધી કરવાના બહાને નિલેશભાઇ પટેલના ઘરે આવી નિલેશભાઇ પટેલને વિધી માટે ઘરમા હોય તેટલુ સોનુ મુકવાનુ કેહતા, નિલેશભાઇ પટેલએ સોનાની વીંટી, લોકેટ, બુટ્ટીનો સેટ કિમત રૂપિયા ૨,૨૫,૦૦૦/- મેળવી લઇ તેમજ નિલેશભાઇ પટેલના કૌટુંબીક બનેવી તેમજ કૌટુંબીક ભાઈ નાઓને વિશ્વાસમાં લઇ, વીધી કરવાના બહાને ત્રીસ તોલા સોનાના દાગીના કિમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મેળવી લઇ, દાગીના પોટલીમાં મુકાવી, વીધી કરવાના બહાને તમામ ઘરના સભ્યોને ઘરની બહાર મોકલી દઇ, દાગીનાની પોટલી એક ડબ્બામાં મુકી તે ડબ્બો ગૅરેજમાં મુકવાનુ જણાવી, "સવા મહીના પછી જ આ ડબ્બો ખોલવો નહી તો ઘરના બધા સભ્યો મરી જશો" તેમ કહી ડર બતાવી, આ બાધાનો સમય પુર્ણ થતા તેમજ આરોપીને નિલેશભાઇ પટેલનાઓ ફોન કરતા આરોપી ફોન ઉપાડતો નહી હોવાથી, શંકા જતા ડબ્બો ઉઘાડી પોટલી જોતા મુકેલ સોનાના દાગીના નહી મળી આવી, નિલેશભાઇ પટેલ તથા તેમના કૌટુંબીક બનેવી અને કૌટુંબીક ભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**કાલુપુરઃ** જશરાજ નક્તારામ દરજી (ઉ.વ.૩૧)(રહે.સૌજન્ય એપાર્ટમેન્ટ, પૂજા હોસ્પીટલ પાસે, કાશીબા રોડ, રાણીપ) એ તા.૨૦/૦૫/૨૦૨૫ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઘી કાંટા મેટ્રો સ્ટેશન સામે દિવ્યા લક્ષ્મી કોમ્પલેક્ષમાં આવેલ “દ્વારકાધીશ ક્રિએશન” નામની રેડીમેડ કાપડની જશરાજ દરજી નાઓની દુકાન ખાતે થી આરોપી (૧) થાનારામ સમરથાજી પ્રજાપતિ (હાલ રહે.નવી પોળ દોલતખાના સારંગપૂર) (૨)જયેશ ચંદ્રકાંત મહેશ્વરી (રૈન્બો એન્ટરપ્રાઇઝ નાં પ્રોપરાઇટર) (ઠેકાણુ. શોપ નં ૭ સૈયદ મંજિલ દીનદયાલ નગર વસઇ મહારાષ્ટ્ર) (૩) તૃપ્તિબેન પિનાકીન ભારદ્વાજ (રહે. દિવાન ભવન માણેકપૂર યુનિયન બેંક સામે વસઇ વેસ્ટ ઉમેલે પાલઘર, મહારાષ્ટ્ર (ત્રીશા એન્ટરપ્રાઇઝનાં પ્રોપરાઇટર) તથા (૪) પારસભાઇ પ્રજાપતિ (શ્રીબાલાજી એન્ટરપ્રાઇઝનાં પ્રોપરાઇટર) (રહે.નંદીશ્વરા નીલાયા, બીજી મેઇન ઓલ્ડ પોસ્ટ ઓફીસ રોડ કે.આર.પુરમ,બેંગ્લોર, બેંગ્લોર અર્બન, કર્ણાટક) નાઓએ અલગ અલગ બીલ ચલણ થી નાના છોકરાઓનાં રેડીમેડ કાપડનો માલ મેળવી લઇ, માલનાં લેણા રૂપિયા ૧૧,૨૭,૧૬૬/–આજદીન સુધી નહી ચુકવી જશરાજ દરજી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.સીંધી ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૬૮૯/૨૦૨૫**

**નારોલઃ** સી.ટી.એમ જોગેશ્વરી રોડ નીતાપાર્ક સોસાયટી ખાતે સબંધીના મકાનમાં રહેતા પ્રકાશ નહેરૂલાલ રેગર (ઉ.વ.૨૫)(મુળ રહે.ગામ:– વાઘોલ, તા.નાથદ્વારા, જી.રાજસમંદ, રાજસ્થાન) તા.૨૦/૦૫/૨૦૨૫ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે ઉમંગ ટાવર સામે હનુમાનજી મંદિરની બાજુમાં, ઉમંગ ચાર રસ્તા ખાતેના પાણીના પ્લાન્ટ ઉપર મજુરી કામ અર્થે ગયા હતા ત્યાં તેમને વીજ કરંટ લાગતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લાવતા કલાક ૧૧/૫૦ વાગે ફરજ પરના ડૉક્ટરશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૯૦/૨૦૨૫**

**ચાંદખેડાઃ** બાબુલાલ માંગીલાલ ચૌધરી (ઉ.વ.૧૯)(રહે.મધુરમ ફ્લોરા હેમાંગી એપાર્ટમેન્ટ પાસે સ્નેહ પ્લાઝા ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૫/૨૦૨૫ સવારના ૯/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે મફલર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સતીશકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

**બોડકદેવઃ** તરૂણકુમાર ગાભાભાઇ ચૌહાણ (ઉ.વ.૩૪)(રહે. ફેમીના ટાઉન ના ધાબા ઉપર ટાઇમ્સ સ્કવેર બિલ્ડીગ ની સામે સિધુ ભવન રોડ બોડકદેવ મુળ રહે. ગામ–જગનાથપુર તા–ઉઝા જી–મહેસાણા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૫/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યા પહેલા ફેમીના ટાઉનની પાછળ ખુલ્લી જગ્યામાં આવેલ જાંબુના ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રસિંહ જીતેન્દ્રસિંહ ચલાવે છે.

**સેટેલાઇટઃ** તપસ્વી ડો/ઓ સંજીવભાઇ શાહ (ઉ.વ.૨૧)(રહે.વૃંદાવન ફ્લેટ, ત્રીજો માળ, કર્ણાવતી પગરખાની પાછળ, માનસી સર્કલ પાસે, સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૫/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ત્રીજા માળે આવેલ પોતાના ફ્લેટ્ના બાથરૂમની બારીના કાચ કાઢી બારીમાંથી નીચે પડતુ મુકતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સંજીવીની હોસ્પીટલ ખાતે લઇ જતા સાંજના ૬/૩૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તપસ્વીને મૃત જાહેર કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

**ઓઢવઃ** ઓઢવ તક્ષશિલા રોડ સમીરનગર ખાતે ભાડાના મકાનમાં રહેતા નેન્સી ડો/ઓ રમેશભાઇ શાહ (ઉ.વ.૨૯) (મુળ રહે. પારસનગર ઘાટલોડિયા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૫/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌહાણ ચલાવે છે.

**ઇસનપુરઃ** દિપકભાઇ નટવરભાઇ રાઠોડ (ઉ.વ.૪૦)(રહે.તપોભૂમી સોસાયટી, વિભાગ–૦૨ મહાવિર સ્કુલ પાછળ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૫/૨૦૨૫ સવારના ૧૦/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી
+